શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ


ज्ञानं भारः क्रियां विना।

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

## વાર્ષિક અહેવાલ

## ૨૦૨૪-૨૫



ગણિતમાં સરવાળા બાદબાકી શીખતા વિદ્યાર્થીઓ



મોડલ દ્વારા વિદ્યાર્થીઓને ઋતુચક્રની સમજુતી આપતા શિક્ષક




વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધા - ૨૦૨૫



વિદ્યાર્થીઓને સંમિતિની સમજ આપતા શિક્ષક

# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ : ૨૦૨૪-૨૫

**ટ્રસ્ટ (SHBCT) નું Vision** : આવનારા વર્ષોમાં ગ્રામીણ યુવાધન રાષ્ટ્રના નવ નિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકે તે માટે પ્રાથમિક શાળાથી જ બાળકની સર્જનાત્મક શક્તિ અને તેનો આત્મવિશ્વાસ વિકસે તે માટે અભ્યાસક્રમને કેન્દ્ર સ્થાને રાખીને શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, પૂરક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરશે.

**ટ્રસ્ટ (SHBCT) નું Mission** : ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃતિને ઉજાગર કરવા શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, **"પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ"** સંબંધિત શૈક્ષણિક કાર્ય કરશે.

**સંતોકબા હોસ્પિટલ ટ્રસ્ટનું Mission** : શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા અને તેની પડોશમાં રહેતી આર્થિક રીતે નબળી ગ્રામીણ પ્રજાની આરોગ્ય સુખાકારી અંતર્ગત સ્ત્રીરોગ, બાળરોગ અને અન્ય રોગ માટેની અદ્યતન તબીબી સેવાઓ પુરી પાડશે. હોસ્પિટલમાં, આ સેવાઓ આપતાં તજજ્ઞો અને સ્ટાફના સભ્યો દર્દીની સારવાર દરમિયાન અનુકંપા અને પારદર્શિતા દાખવતો વ્યવહાર કાયમ માટે જાળવશે.

SHBCT ટ્રસ્ટનું Vision અને Mission ને ધ્યાને રાખી અમો ટ્રસ્ટીગણ ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન, અગસ્ત્ય ફાઉન્ડેશન, લોક ભારતી ગ્રામ વિદ્યાપીઠના માર્ગદર્શન અને સહકાર માટે આભારી છીએ. આ ત્રણે ટ્રસ્ટના સક્રિય સહકારથી અમને અમારા Mission ના ધ્યેયને હાંસલ કરવામાં પૂરક બળ સાંપડ્યુ છે. તેઓના મહત્વના યોગદાન માટે અમે તેમનાં ઋણી રહીશું.

વર્ષ ૨૦૨૪ – ૨૫ દરમિયાન શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ (SHBCT) શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે, ધોળકા અને તેની આસપાસના ૩૪ ગામોમાં પ્રવૃત્ત રહ્યું. આ અંગેનો અહેવાલ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

## ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન : બ્રિજ કોર્સ

અગાઉના બે વર્ષ કોરોનાની બિમારીને લીધે શાળાઓ બંધ રહી હતી, તેથી વાંચન, ગણન અને લેખનનું પાયાનું શિક્ષણ તે સમયે ધોરણ ૧ થી ૩ માં ભણતા વિદ્યાર્થીઓનું ખૂબ નબળું રહ્યું. આ ઉપરાંત અગાઉની શિક્ષણ નીતિ પ્રમાણે પરીક્ષા વગર આગળના ધોરણોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પદ્ધતિથી આ વાંચન, ગણન અને લેખનની ક્ષમતા નબળી રહી.

નબળા શિક્ષણના પાયા પર ધોરણ ૫ પછીનું શિક્ષણ નબળું જ રહે અને આવો વિદ્યાર્થી તેની ભવિષ્યની કારકિર્દીમાં તેના કુટુંબ અને સમાજ માટે ભારરૂપ થાય. આ પરિસ્થિતિને સુધારવાની તાતી જરૂર અમારા ટ્રસ્ટને લાગી અને આથી ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની વાંચન, ગણન અને લેખનની કચાશ દૂર કરવાની પદ્ધતિને અમે અપનાવી જેને "બ્રીજ કોર્સ" કહેવામાં આવે છે.



ચિત્ર-શબ્દની જોડ બનાવવાની રમત દ્વારા શબ્દની ઓળખ કરતા વિદ્યાર્થીઓ



પ્રવૃત્તિ દ્વારા સંખ્યા જ્ઞાન મેળવતા વિદ્યાર્થીઓ

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની શિક્ષણ પ્રદાન કરવાની પદ્ધતિ માં બાળક શરૂઆતમાં કયા સ્તરે હતું અને અંતમાં કયા સ્તરે પહોંચ્યું તે S2T2 નામના તૈયાર કરેલ Software ની મદદથી મૂલ્યાંકન કરવામાં આવે છે. બાળક દીઠ દર ૧૫ દિવસે લેવાતી કસોટીમાં તેનો જે વિકાસ થયો હોય તે Software માં નોંધવામાં આવે છે. તે ઉપરાંત શિક્ષક નબળા વિદ્યાર્થીઓ જે પાછળ રહી ગયા હોય તેઓની કચાશ કયાં છે તે સ્પષ્ટ રીતે જોઈ શકે છે અને તે અંગેના ઘનિષ્ઠ પ્રયાસો દ્વારા બાળકને યોગ્ય સ્તરે સત્રના અંત સુધીમાં લાવી શકે છે.

ધોળકાની આસપાસના ૧૨ ગામોમાં, ધોરણ ૩ થી ૫ ના **કુલ ૫૭૫ વિદ્યાર્થીઓને "બ્રીજ કોર્સ"** દ્વારા પાયાની ક્ષતિ (વાંચન, ગણન અને લેખન) દૂર કરવા દરેક ગામ દીઠ એક શિક્ષણ સહાયકની નિમણૂક કરવામાં આવી આ શિક્ષણ સહાયકના પ્રયત્નોથી **૫૭૫ વિદ્યાર્થીઓમાંથી ૪૩૯ વિદ્યાર્થી** આ પાયાના શિક્ષણમાં જરૂરી ક્ષમતા ધરાવતા થયા.

શિક્ષણ સહાયકના ઉપર મુજબના પ્રયત્નો ઉપરાંત **૩૦૦ વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા** અંગેનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. શાળાનું પ્રાથમિક શિક્ષણ ઉપરાંત ભવિષ્યમાં વિદ્યાર્થી સારો નાગરિક બને તે માટે **ધોરણ ૮ ના ૩૦૦ વિદ્યાર્થીઓને** સંસ્કાર સિંચનની પ્રાથમિક સમજ અને તે અંગેનું શિક્ષણ આપવામાં આવ્યું.

આવતા વર્ષના આયોજનમાં ૧૨ શાળાઓમાં બ્રિજકોર્ષ અંગેનો કાર્યક્રમ ચાલુ રહેશે. આ ઉપરાંત ગુજરાત સરકારે બાલવાટિકામાં પ્રવેશ લેતા બાળકો માટે દરેક ગ્રામ્ય સરકારી શાળાઓમાં યોગ્ય અને પૂરતા પ્રમાણમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપી શકાય તે માટે શૈક્ષણિક સાધન સામગ્રી આપેલી છે. જેનો ઉપયોગ કરી અને અગાઉ વાંચન, ગણન અને લેખનમાં જે કચાશ ધોરણ – ૫ સુધી જોવા મળતી હતી, તેને પ્રથમ ધોરણથી દૂર કરી શકાય તે માટે કામગીરી કરવામાં આવશે. આ સંજોગોમાં ટ્રસ્ટ ૧૦ સરકારી શાળાઓમાં નવા વોલેન્ટીયર શિક્ષકો રાખી શાળામાં નિયુક્ત શિક્ષકોને ઉપર વર્ણવેલા પ્રયાસોમાં મદદરૂપ થશે.

## અગસ્ત્ય ફાઉન્ડેશન : પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ



વિદ્યાર્થીઓને માનવ શરીર અંગોની સમજુતી આપતા શિક્ષક

ટ્રસ્ટના શિક્ષકો દ્વારા **ધોરણ ૬ થી ૮ ના ૩૪ ગ્રામ્ય શાળાઓમાં** અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ દ્વારા ગણિત અને વિજ્ઞાનના વિષયો સરકારના અભ્યાસક્રમ પ્રમાણે શીખવવામાં આવે છે. ગણિત અને વિજ્ઞાન, આ વિષયો વિદ્યાર્થીની જિજ્ઞાસાને જાગૃત કરે છે.

ટ્રસ્ટના શિક્ષકો એક શાળામાં દર મહિને બે વાર વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમ મુજબના કીટ આપે છે. આવા દરેક વિષયના ૪-૫ કીટ વિદ્યાર્થીઓના તેટલા જ ગ્રુપ પાડીને વહેંચવામાં આવે છે. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રયોગો જાતે કરવા માટે યોગ્ય દોરવણી જરૂર પ્રમાણે આપતા રહે છે. વિદ્યાર્થીઓ "Hands on" અનુભવે મુળભૂત સિદ્ધાંતને વધુ સ્પષ્ટ રીતે સમજી શકે છે. ભવિષ્યમાં આવી સમજ માણસને નવું સંશોધન અથવા રોજિંદા જીવનમાં અનુભવાતા Problem ને આસાનીથી ઉકેલી શકવામાં મદદરૂપ બને છે.

### LOB (Lab On Bike) ગણિત વિષય માટે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગણિત વિષય માટે નિયુક્ત ત્રણ શિક્ષક દ્વારા ૩૪ ગ્રામ્ય શાળાઓમાં **ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને ૨૨,૬૪૭** વખત પ્રવૃત્તિનો લાભ આપવામાં આવ્યો હતો.

### LOB (Lab On Bike) વિજ્ઞાન વિષય માટે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિજ્ઞાન વિષય માટે નિયુક્ત બે શિક્ષક દ્વારા **૩૪ ગ્રામ્ય શાળાઓમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને ૨૧,૫૧૦** વખત પ્રવૃત્તિનો લાભ આપવામાં આવ્યો હતો.



ચતુષ્કોણની સમજ મેળવતા વિદ્યાર્થીઓ



વિદ્યાર્થીઓને એસિડ અને બેઈઝની તટસ્થીકરણની પ્રક્રિયા સમજાવતા શિક્ષક

## આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર (Avishkar Science Center)

શ્રી હીરાલાલ ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગ થી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્રના પરિસરમાં જૂન-૨૦૧૯ થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર નો શુભારંભ થયો છે.

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારની આજુબાજુના પાલિતાણા, તળાજા અને શિહોર તાલુકાની ગ્રામીણ વિસ્તારની ૬૫ થી પણ વધુ સરકારી અને બિન-સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં આવીને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના પાઠમાં આવતી વિવિધ પ્રવૃતિઓ સ્વઅનુભવે વિજ્ઞાનના સિધ્ધાંતોને શીખે છે. આ સાથે વેકેશન દરમિયાન ગ્રીષ્મ શિબિરમાં ૪૨૨૬ બાળકોએ વિવિધ પ્રવૃતિઓનો લાભ મેળવ્યો હતો.

આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં તાલીમ બધ્ધ યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને અનુભવી વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા પ્રવૃતિ આધારિત વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ રીતે વિજ્ઞાનના સિધ્ધાંતોનો અનુભવ કરી અને તેને રસ પૂર્વક શીખે છે. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ ઉપકરણો વસાવ્યા છે જેના થકી વિદ્યાર્થીઓ સરળતાથી વિષયને સમજી શકે. ગત વર્ષે આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં 3D પ્રિન્ટર મશીન મૂકવામાં આવ્યું હતું, આવા ઉપકરણો વિદ્યાર્થીની સર્જનાત્મકતાને ઉજાગર કરવા ખૂબ ઉપયોગી બને છે.



સુક્ષ્મદર્શક યંત્રમાં ડુંગળીના કોષ જોતા વિદ્યાર્થીઓ



આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ શ્રી પ્રવિણભાઈ કે. લહેરી સાહેબ

## ટ્રસ્ટ દ્વારા સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ

### સામાન્ય જ્ઞાન - બુદ્ધિ કસોટી (GK-IQ)

ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીને ભવિષ્યમાં પોતાની વ્યવસાયી કારકિર્દી માટેનું એક સ્વપ્ન હોવું જરૂરી છે. આ સ્વપ્નને સાકાર કરવા તે વિદ્યાર્થીને અમુક કસોટી-સ્પર્ધામાંથી પસાર થવું પડે છે. આવી કસોટીમાં મુખ્યત્વે સામાન્ય જ્ઞાન અને બુદ્ધિ-આંક (GK-IQ) અંગેના પ્રશ્નો પૂછવામાં આવે છે. આની તૈયારી સારી રીતે થાય તે માટે ભાવનગર વિકાસ વર્તુળ સંસ્થા કસોટી અને સ્પર્ધાનું આયોજન કરે છે. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ આ સંસ્થાની કસોટીમાં ભાગ લઇ શકે તે ટ્રસ્ટ ને યોગ્ય લાગ્યું આથી ટ્રસ્ટ સંચાલિત ૧૨ ગ્રામ્ય શાળાઓના વિદ્યાર્થીઓને આ અંગેની માહિતી આપી તેમને પ્રોત્સાહીત કરવા દરેક શાળામાં પ્રથમ અને દ્વિતીય ગુણાંક મેળવનાર **૮ વિદ્યાર્થીઓને** ટ્રસ્ટ તરફથી પુરસ્કાર આપવામાં આવ્યા, ટ્રસ્ટની ૧૨ ગ્રામ્ય શાળાના **કુલ ૩૧૭ વિદ્યાર્થીઓએ** આ પરીક્ષામાં ભાગ લીધો હતો.

### ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી (વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધા)

ટ્રસ્ટ જે ૩૪ ગ્રામ્ય શાળાઓમાં પ્રવૃત છે, તેમાં વિજ્ઞાન "ક્વિઝ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોને લગતા પ્રશ્નો આ ક્વિઝ સ્પર્ધામાં પૂછવામાં આવ્યા હતા. વિવિધ શાળાઓમાંથી **૯૦ વિદ્યાર્થીઓ** એ આ સ્પર્ધામાં સક્રિય ભાગ લીધો હતો. તબક્કાવાર ક્વિઝની સ્પર્ધા બાદ ૬ ટીમ (ટીમ દીઠ ૩ વિદ્યાર્થી) ફાઈનલ રાઉન્ડમાં પ્રવેશી. આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનાર ટીમના વિદ્યાર્થીઓને ઈનામ તથા સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. અન્ય ટીમના વિદ્યાર્થીઓને ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા બદલ પ્રોત્સાહન ઈનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.

## ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી

શ્રી હીરાલાલ ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે કામગીરીની ૧૧ ગ્રામ્ય શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં તેમની માતૃભાષા પ્રત્યે ગર્વ જગાડવાનો અને સ્થાનિક ભાષાઓના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વને પ્રોત્સાહન આપવાનો હતો. વાર્તાકથન સ્પર્ધાના **૧૧ શાળાઓના ૨૨૭ બાળકોએ** ભાગ લીધો હતો. જેમાં શાળા દીઠ શ્રેષ્ઠ વાર્તાકથન કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ અને દ્વિતીય ક્રમ મુજબ ઈનામ આપવામાં આવ્યું હતું. આ સાથે **ધોરણ ૬ થી ૮ ના કુલ ૨૩૩ વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં** ભાગ લીધેલ હતો. જેમાં માતૃભાષાના મહત્વ વિષે શ્રેષ્ઠ નિબંધ રજૂ કરનાર વિદ્યાર્થીઓને શાળા દીઠ પ્રથમ અને દ્વિતીય ક્રમના વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા.

# શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા

આજથી ૫૫ વર્ષ પહેલા, શ્રી શ્યામલાલ ભગવતી અને શ્રી હીરાલાલ ભગવતીએ મહાજન પ્રથા અનુસાર તેમના ધંધાના નફાના અમુક ભાગનું રોકાણ કરી, ધોળકા નગરપાલિકાના સહયોગથી ધોળકામાં શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલની સ્થાપના કરી હતી.

વડીલોની આ પરંપરાને જાળવી રાખવા, ગત વર્ષ દરમ્યાન હોસ્પિટલનું નવીનીકરણ કરી તેને અદ્યતન સાધનોથી અને નિષ્ણાંત તજજ્ઞોથી સજ્જ કરી છે. ગરીબ વર્ગના દર્દીઓને અમદાવાદની હોસ્પિટલમાં જે સેવાઓ મળે તેવી જ સેવાઓ પોસાય તે કિંમતે (Affordable price) ઉપલબ્ધ થઈ શકે તે માટેનો અમારો પ્રયાસ છે.

આ હોસ્પિટલમાં પ્રસૂતિ અને સ્ત્રીરોગના દર્દીઓની સારવાર, બાળરોગ નિદાન અને તેને લગતી સારવાર, ફીઝીશીયન, X - Ray વિભાગ, સોનોગ્રાફી વિભાગ જેને માટે નિષ્ણાંત રેડીયોલોજીસ્ટ ડૉક્ટર, ચામડીના રોગ અંગેની સારવાર, માનસિક રોગ, ફેફસાંના રોગોના નિષ્ણાંત તથા ઓર્થોપેડીક રોગ માટેના તજજ્ઞોની સેવાઓ આપવામાં આવે છે. સ્ત્રી રોગ અને પ્રસૂતિ રોગના નિદાન અને તેની સારવાર માટે બે તજજ્ઞ ડૉક્ટરની નિમણુંક કરવામાં આવી છે. જેથી 24x7 સેવાઓ આપી શક્યા છીએ. બાળકો માટે NICU ની અદ્યતન સેવાઓ ઉપલબ્ધ છે, અને તે અંગેના ડૉક્ટરની પણ ૨૪ કલાક હાજરી હોસ્પિટલમાં હોય છે.

ધોળકા અને આસપાસના ૪૨ ગામોમાં સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં આવનાર દર્દીને કેમ્પમાં ઉપસ્થિત સુપ્રિટેન્ડેન્ટ શ્રી ડૉ. દિનેશભાઈ મકવાણા તબીબી તપાસ બાદ મફત દવાઓ અને યોગ્ય સલાહ આપે છે. દર્દીને જરૂરી પેથોલોજીકલ ટેસ્ટ, ECG, એક્સ-રે વગેરે સેવાઓ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોવાથી રાહત દરે યોગ્ય ચકાસણી કરી આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ ૪૨ ગામોના **૨૪૮૩ દર્દીઓએ** આ નિદાન અને સારવાર કેમ્પનો લાભ લીધો છે.

હોસ્પિટલનું નવીનીકરણ અને નિષ્ણાંત ડોકટરોની ઉપલબ્ધ સેવાઓને કારણે OPD માં વર્ષ દરમ્યાન **૫૫૭૬૯ દર્દીઓને** વૈદકીય સેવાઓ આપવામાં આવી. મહિના દીઠ **સરેરાશ ૧૭૨ (વાર્ષિક આંક ૨૦૬૪) બાળકોનો જન્મ થયો છે.** આ વર્ષ દરમિયાન લેપ્રોસ્કોપી મશીનની મદદથી **ગર્ભાશયના ૯૦ ઓપરેશન** કરવામાં આવ્યા. અગાઉના વર્ષોમાં આવા ઓપરેશન કરવાની પદ્ધતિ અલગ અને જૂની ટેકનોલોજીની હતી. આધુનિક ટેકનોલોજી હોસ્પિટલમાં વસાવવાથી દર્દીની સારવાર ખૂબ ઓછી પીડાએ થઈ શકે છે.

આ વર્ષ દરમિયાન શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલમાં Astral Foundation દ્વારા TMT (Treadmill test) અને PFT (Pulmonary Function Test) મશીનની સહાય આપવામાં આવી છે, જેમાં TMT મશીન જેના દ્વારા હોસ્પિટલમાં દર્દીના હૃદયના સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કરી શકાય છે, જે શારીરિક શ્રમ પ્રત્યે હૃદય કેવી પ્રતિક્રિયા આપે છે તે માપે છે. તેમજ PFT મશીન જેનો ઉપયોગ ફેફસાંના કાર્યનું મૂલ્યાંકન કરવા, શ્વસન સ્થિતિઓનું નિદાન કરવા અને રોગની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે કરી શકાય છે.



હોસ્પિટલ ની આધુનિક સાધનો અને સુવિધાઓથી સજ્જ પેથોલોજીકલ લેબોરેટરી

## આભાર દર્શન

**અમારા ટ્રસ્ટના વિવિધ લોક ઉપયોગી કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને મહાનુભાવોનો સાથ - સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ અમે ટ્રસ્ટીગણ સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

- *શ્રી કિરીટસિંહ ડાભી, ધારાસભ્યશ્રી, ધોળકા*
- *ધોળકા નગરપાલિકાના માનનીય પ્રમુખશ્રી તથા ધોળકા નગરપાલિકાના સૌ માનનીય સભ્યશ્રીઓ*
- *શ્રી પ્રતુલભાઈ શ્રોફ, ડૉ. કે. આર. શ્રોફ, ફાઉન્ડેશન, અમદાવાદ*
- *શ્રી ઉદયભાઈ દેસાઈ, ડૉ. કે. આર. શ્રોફ, ફાઉન્ડેશન, અમદાવાદ*
- *અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગ્લોર, કર્ણાટક.*
- *ડૉ. અરૂણભાઈ દવે, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, લોક ભરતી સણોસરા, જિ. ભાવનગર*
- *ડૉ. ભાવના બહેન પાઠક, પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધાર, જિ. ભાવનગર*
- *સર્વ આચાર્યશ્રીઓ, પ્રાથમિક શાળા ખાત્રીપુર, શેખડી, રનોડા, રીડપુરા, સીમેજ, ભુંભલી, કેસરગઢ, શિહોરીપુરા, વેજલકા, જાખડા, જવારજ અને અરણેજ.*
- *તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ધોળકા, જિ. અમદાવાદ*
- *શ્રી ખોડુભાઈ એન. પઢિયાર, પ્રમુખશ્રી અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ*
- *પ્રમુખશ્રી ધોળકા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, ધોળકા*

**ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિને આર્થિક સહાય આપનાર સંસ્થા અને વ્યક્તિઓને અમો હૃદયપૂર્વક આભાર માનીએ છે.**

### શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

- *ઈનસ્પિરોન એન્જિનયરિંગ પ્રા. લિ. અમદાવાદ*
- Anjaneya Charitable Trust
- Wealth First Portfolio Managers Limited, Ahmedabad
- Shree Gujarat Vaishya Sabha
- *શ્રી રાજેશભાઈ રમણીકભાઈ શાહ*
- *શ્રી પ્રકાશભાઈ એચ. શાહ*
- *શ્રી ચંન્દ્રકાન્તભાઈ કે. ઠક્કર*
- *ભગવતી પરિવારના સભ્યો*

### શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ

- *સી.કે. ટ્રેડર્સ, અમદાવાદ*
- *ડૉ. કૃપાબેન શાહ* (Ayuh Fertility Centre, Ahmedabad)
- *શ્રી કમલેશકુમાર નટવરલાલ વ્યાસ, ધોળકા*
- *શ્રી અશોકભાઈ ચંપકલાલ મહેતા, અમદાવાદ*
- Astral Foundation, Ahmedabad *(સાધનની મદદ)*
- *શ્રીમતી નિલાક્ષીબેન દિપકભાઈ પટવા, અમદાવાદ*
- *શ્રી હીરાલાલ ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટ*

## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ - ૮ (જુઓ નિયમ ૧૭-૧)
## તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજનું સરવૈયું.

| ફંડ અને જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલકત અને અસ્ક્યામતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧.૦૦ | કાયમી અસ્ક્યામતો | ૫,૫૪,૮૪૧.૦૦ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦.૦૦ | રોકડ અને બેંક અવેજ | ૧,૩૮,૫૫,૫૦૩.૨૭ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૧,૧૫,૫૨,૮૬૩.૨૭ | અન્ય ચાલું અસ્ક્યામતો | ૧,૪૩,૫૨૦.૦૦ |
| કુલ | ૧,૪૫,૫૩,૮૬૪.૨૭ | કુલ | ૧,૪૫,૫૩,૮૬૪.૨૭ |

## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ - ૯ (જુઓ નિયમ ૧૭-૧)
## તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજ પુરા થયેલ વર્ષ માટેનો ઉપજ - ખર્ચનો હિસાબ

| ખર્ચ | રકમ (રૂા.) | ઉપજ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૭,૦૧,૯૨૧.૦૦ | વ્યાજની આવક | ૭,૮૮,૮૨૦.૦૦ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૩૪,૬૪,૭૭૧.૦૦ | મળેલ દાન | ૫૯,૮૩,૧૧૧.૦૦ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૧,૨૮,૪૪૯.૦૦ | અન્ય આવક | ૪,૧૧૫.૦૦ |
| ખર્ચકરતાં ઉપજનો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૨૪,૮૦,૯૦૫.૦૦ | | |
| કુલ | ૬૭,૭૬,૦૪૬.૦૦ | કુલ | ૬૭,૭૬,૦૪૬.૦૦ |

*તારીખ : ૦૪-૦૬-૨૦૨૫*
*સ્થળ : અમદાવાદ*

*શ્રી પ્રકાશ કે. ભગવતી*
*શ્રીમતી અંજના પી. ભગવતી*
*શ્રી અમોલ પી. ભગવતી*
*શ્રીમતી અમ્રીતા શાહ*



**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ સ્ટાફ**



ડૉ. દિનેશભાઈ મેડીકલ કેમ્પમાં



લેપ્રોસ્કોપી દ્વારા ગર્ભાસયનું ઓપરેશન



## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હોસ્પિટલ, ધોળકા સ્ટાફ

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005


**સંપર્ક માટેનું સરનામું :**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ

કલિકુંડ રોડ, અટલ સરોવરની સામે, ધોળકા – ૩૮૨ ૨૨૫. જિ. અમદાવાદ.

**M.** 63562 22755 **E-mail :** info@shbct.org

**હેડ ઓફિસ**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. ઈનસ્પિરોન એન્જિનિયરિંગ પ્રા. લિ., ઓઢવ જીઆઈડીસી પાસે, ઓઢવ,

અમદાવાદ – ૩૮૨ ૪૧૫. ફોન : ૦૭૯ – ૩૦૨૧૨૦૦૦